વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાટણ, પોરબંદર, દાહોદ, કચ્છ અને સાબરકાંઠા જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના મકાનના રીપેરીંગ અને રીનોવેશન માટે થનાર રૂ.૫૧૬.૮૩ લાખના ખર્ચને મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
**ઠરાવ ક્રમાંક:**SJED/MIS/e-file/17/2025/2377/A-1 Section
સચિવાલય, ગાંધીનગર.
તા.ઈ-સાઈન મુજબ.

**વંચાણમાં લીધા :-**

(૧) આ વિભાગનો તા.૨૯/૧૦/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:SJED/NWR/e-file/17/2025/1903/A-1 Section.

(૨) આ વિભાગનો તા.૦૬/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક:SJED/NWR/e-file/17/2025/1903/A-1 Section.

(૩)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૨૫/૦૯/૨૦૨૫ અને તા.૦૩/૧૨/૨૦૨૫ના અનુક્રમે પત્ર ક્રમાંક: **DDCW/0073/09/2025** અને **DDCW/0235/11/2025.**

**આમુખ:**

ઉક્ત વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) અને (૨) પરના આ વિભાગના અનુક્રમે તા.૨૯/૧૦/૨૦૨૫ અને તા.૦૬/૦૧/૨૦૨૬ પરના ઠરાવથી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્રમાં સરકારી મકાનોની પુન: સજાવટ માટે થયેલ રૂ.૬.૩૭ કરોડની જોગવાઇમાંથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના કચ્છ, આણંદ, સુરેન્દ્રનગર, ભાવનગર જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના મકાનના રીપેરીંગ અને રીનોવેશન માટે થનાર અનુક્રમે રૂ.૧૮/- લાખ અને રૂ.૪.૯૦/- લાખના ખર્ચને એમ કુલ રૂ.૨૨.૯/- લાખના કામોને મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રોથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાટણ, પોરબંદર, દાહોદ, કચ્છ અને સાબરકાંઠા જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના મકાનના રીપેરીંગ અને રીનોવેશન માટે થનાર રૂ.૫૧૬.૮૩/- લાખના ખર્ચને મંજુરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્રમાં સરકારી મકાનોની પુન: સજાવટ માટે થયેલ રૂ.૬.૩૭ કરોડની જોગવાઇમાંથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાટણ, પોરબંદર, દાહોદ, કચ્છ અને સાબરકાંઠા જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબના મકાનના રીપેરીંગ અને રીનોવેશન કામ માટે રૂ.૫૧૬.૮૩/- લાખના ખર્ચને ઉક્ત બજેટ જોગવાઇમાંથી બચત રહેલ છે, તેમ માની સદર ખર્ચ અંદાજપત્રીય જોગવાઇથી વધી ન જાય તે બાબતે તકેદારી રાખવાની શરતે તથા નીચે દર્શાવેલ અન્ય શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.:-

| ક્રમ | કામનું નામ | અંદાજો (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | અણહિલ ભરવાડ સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), પાટણમા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત. | ૧૦.૫૪ |
| ૨ | સતી જસમા ઓડણ સરકારી કન્યા છાત્રાલય (વિ.જા), પાટણમા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત. | ૧૦.૫૪ |
| ૩ | સરકારી કુમાર છાત્રાલય, રાધનપુરના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત. | ૧૪.૬૪ |
| ૪ | આદર્શ નિવાસી શાળા, (વિ.જા), કન્યા, પાટણમાં મરામત કામ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે “સુગમ્ય ભારત” અંતર્ગત કરવાના થતા કામો. | ૮૮.૬૧ |
| ૫ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), દાહોદના મકાનમા રીપેરીંગ કામ. | ૪૭.૬૦ |
| ૬ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), દાહોદના મકાનમા ફાયર સેફ્ટી સિસ્ટમના કામ. | ૨૮.૯૮ |
| ૭ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), ભુજ, જિ.કચ્છ ખાતે સિવિલ સમારકામ. | ૪૭.૦૦ |
| ૮ | સરકારી કુમાર છાત્રાલય, ઈડરમા રીપેરીંગ અને રીનોવેશન. | ૪૨.૮૦ |
| ૯ | રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ કન્યા છાત્રાલય (વિજા) એન્ડ ફાયર સેફ્ટી વર્ક એટ પોરબંદર. | ૭૯.૬૩ |

| | | |
|---|---|---|
| ૧૦ | રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ કુમાર છાત્રાલય (વિજા) એન્ડ ફાયર સેફ્ટી વર્ક એટ પોરબંદર. | ૫૦.૩૧ |
| ૧૧ | રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ સુદામાજી આદર્શ નિવાસી શાળા (વિજા) એન્ડ ફાયર સેફ્ટી વર્ક એટ પોરબંદર. | ૯૬.૧૮ |
| | કુલ | ૫૧૬.૮૩ |

**શરતો:**

1. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
2. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઓચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.
3. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચતરહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
4. સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા સબંધિત અધિક્ષક ઇજનેરશ્રી/કાર્યપાલક ઇજનેરશ્રીના પરામર્શમાં ઉક્ત તમામ કામો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં પુર્ણ કરવા તાત્કાલિક નિયમોનુસારની કાયવાહી હાથ ધરવાની રહેશે.
5. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ આપેલ મંજૂરી અન્વયે થયેલ ખર્ચની વિગતો તેમજ કામગીરી પૂર્ણ કર્યાના અહેવાલની વિગતો વિભાગને રજૂ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૮૪ મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર: ૪૨ મકાનો હેઠળ ચાલુ વર્ષે ૨૦૨૫-૨૬માં થયેલ બજેટ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકીની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૦/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(દેવ્યાની ઝાલા)**
**e-SD/-**
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના:-**

- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, નિયામકશ્રી (વિ.જા.ક. મારફત).
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂં)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*

Signed by: Devyani Zala
Section Officer
Date:2026.03.13
16:24:55 +5:30